
UK Government
ધ
વિક્ટિમ્સ'
કોડ
દરેક ભોગ બનેલ વ્યક્તિ
માટે, ગમે તે ગુનો હોય.
તમારા હકો- અધિકારોને સમજો
victimscode.org.uk પર

## વિક્ટિમ્સ કોડ એ શું છે?

**ધ વિક્ટિમ્સ કોડ કે કાયદાની સંહિતા અધિકારોનો ખુલાસો કરે છે કે જે કોઈ પણ વ્યક્તિ જેઓ ગુનાના ભોગ બનેલ તરીકે હોય તે મેળવવાની અપેક્ષા રાખી શકે.**

તમે કોઈ પણ હો અને તમારો કોઈ પણ ગુનો હોય, તમને ફોજદારી ન્યાય પ્રક્રિયા અને મળી રહેતા સપોર્ટ વિષે માહિતીનો અધિકાર હોય છે.

## વિક્ટિમ્સ કોડ હેઠળ મારા અધિકારો કયા છે?

**હક- અધિકાર 1: સમજવા માટે સમર્થ અને સમજવામાં આવે**

તમને આપવામાં આવેલ માહિતી સમજવાનો અને તમને સમજવામાં આવે તેનો અધિકાર હોય છે. જો જરૂર જણાય તો આ ભાષાંતર અથવા અર્થઘટન સેવાઓની સુગમતાનો સમાવેશ હોય છે.

**અધિકાર 2: ગેરવાજબી વિલંબ વગર રિકોર્ડ કરવામાં આવેલ ગુનાની વિગતો મેળવવાનો**

તમને પોલીસ દ્વારા જલદીથી રિકોર્ડ કરેલ ગુનાની વિગતો મેળવવાનો અને જો તમને સંદેશાવ્યવહારમાં મદદની જરૂર જણાય તો કોઈ વિશેષજ્ઞ તરફથી વધારાના સપોર્ટનો અધિકાર હોય છે.

**અધિકાર 3: જયારે ગુનાનો રિપોર્ટ કરવામાં આવે ત્યારે માહિતી પૂરી પાડવામાં આવે તે માટે**

ગુનાનો રિકોર્ડ કરવામાં આવેલ છે, ફોજદારી ન્યાય પધ્ધતિ વિષે માહિતી મેળવવાનો, અને સપોર્ટ સર્વિસીસ વિષે કહેવામાં આવે તેવી લેખિત માહિતી મેળવવાનો અધિકાર હોય છે.

**અધિકાર 4: ભોગ બનેલાઓને સમર્થન કે સપોર્ટ આપનાર સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવે, અને સેવાઓ મળે અને તમારી જરૂરિયાત મૂજબ સપોર્ટને સુયોગ્ય કરવામાં આવે.**

તમને સપોર્ટ સેવાઓનો ઉલ્લેખ અથવા તેઓનો સીધો સંપર્ક કરવાનો અધિકાર હોય છે. તમને અદાલતમાં મળી રહે તેવા કોઈ પણ વધારાના સપોર્ટ વિષે તમને કહેવામાં આવવું જોઈએ.

**અધિકાર 5: કમ્પેનસેશન કે વળતર વિષે માહિતી પૂરી પાડવાનો**

કોઈ પણ ગુના દ્વારા થયેલ ઈજા- હાનિ, નુકસાન અથવા કોઈ પણ ખોટ માટે મળી રહે તેવા વળતર વિષે કહેવામાં આવે તેનો તમને અધિકાર છે.

**અધિકાર 6: તપાસ અને કાનૂની કાર્યવાહી વિષે માહિતી પૂરી પાડવાનો**

તમને તમારા કેસ વિષે અધતન માહિતી આપવામાં આવે, મહત્વના નિર્ણયો વિષે કહેવામાં આવે, અને ચોકકસ નિર્ણયોની સમીક્ષા માટે વિનંતી કરવાનો અધિકાર હોય છે.

**અધિકાર 7: વિક્ટિમને વ્યક્તિગત નિવેદન કરવાનો**

ગુનાની તમને કેવી અસર થઈ છે તે અદાલતને કહેવા માટે કોઈ એક નિવેદન કરવાનો તમને અધિકાર હોય છે, કે જે માટે અપરાધીને સજા આપતી વખતે વિચારણા કરવામાં આવશે.

**અધિકાર 8: અદાલતની કાર્યવાહી વિષે, અદાલતની કાર્યવાહીની પ્રક્રિયા અને કોઈ એક સાક્ષી તરીકેની તમારી ભૂમિકાની માહિતી આપવામાં આવશે**

તમને તારીખ, સ્થળ અને કોઈ પણ સુનાવણીના પરિણામનું કહેવામાં આવે તેનો અધિકાર હોય છે. જો તમને પુરાવો આપવાની જરૂર હોય તો, તમને અદાલતી કાર્યવાહી પહેલાં, દરમિયાન અને પછીથી મદદ મળી શકે.

**અધિકાર 9: તમને કેસની અને કોઈ પણ અપીલોના પરિણામ વિષે માહિતી આપવામાં આવે.**

તમને કેસના અને સજાના પરિણામ કહેવામાં આવે તેનો હક- અધિકાર હોય છે. જો અપરાધી અપીલ કરે તો, તમને પરિણામ વિષે કહેવામાં આવવું જોઈએ.

**હક- અધિકાર 10: ખર્ચાઓની ચૂકવણી કરવામાં આવે અને પ્રોપર્ટિ પાછી આપવામાં આવે**

અદાલતમાં પુરાવો આપવા માટે તમને ખર્ચાઓ કલેમ કરવાનો અધિકાર છે. જો પુરાવો આપવા તરીકે પ્રોપર્ટિ લેવામાં આવી હોય તો, તમને જલદીથી પાછી મળવી જોઈએ.

**અધિકાર 11: કોઈ એક ગુનેગાર ઠરાવવાને અનુસરીને અપરાધી વિષે માહિતી આપવામાં આવે**

જો હકદાર હો તો વિક્ટિમ કોન્ટેકટ સ્કીમમાં જોડાવાનો તમને અધિકાર છે. ધ સ્કીમ કે યોજના તમને અપરાધીની સજાની અધતન માહિતી આપે છે, કે જેમાં કયારે તેઓની મુક્તિ માટે વિચારણા કરવામાં આવી રહી હોય.

**અધિકાર 12: તમારા હકો કે અધિકારોને સંતોષવામાં આવતા નથી તે વિષે ફરિયાદ કરવાનો**

તમારી સાથે કેવી રીતે વર્તાવ કરવામાં આવ્યો છે તેનાથી જો તમે નાખુશ હો તો લાગતીવળગતી સંસ્થાને ફરિયાદ કરવાનો તમને અધિકાર છે.

## વિક્ટિમ્સ કોડનું વિતરણ કોણ કરે છે?

ફોજદારી ન્યાય કરનારી એજન્સિઓ તેને માટે જવાબદાર હોય છે ભોગ બનેલાઓને વિક્ટિમ્સ કોડમાં અધિકાર મળે તેની ખાતરી કરવી. તમે કરી શકો તમે જયારે ફોજદારી ન્યાય પ્રક્રિયામાંથી પસાર થતા હોય ત્યારે તેઓ તમને તમારા અધિકારો વિષે જણાવશે તેવી અપેક્ષા રાખી શકો.

ફોજદારી ન્યાય એજન્સિઓમાં સમાવેશ થાય છે:

- ધ પોલીસ
- ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ (CPS)
- HM કોર્ટસ અને ટ્રિબ્યૂનલ સર્વિસ (HMCTS)
- યૂથ ઓફેન્ડિંગ ટીમો
- HM પ્રિઝન અને પ્રબેશન સર્વિસ (HMPPS)
- બ્રિટિશ ટ્રેન્સપોર્ટ પોલીસ (BTP)

જો તમે ગુનાનો રિપોર્ટ નહિ કરવાનું નકકી કરો તો, તમે હજી પણ સપોર્ટ સેવાઓમાંથી વિક્ટિમ્સ કોડ વિષે માહિતી અને મદદ મેળવવા માટે સક્ષમ છો.

## શું મને ગુનાના ભોગ બનેલ વ્યક્તિ તરીકે વધારે સપોર્ટ મળી શકે?

જો તમે 18 વર્ષની વયની હેઠળના હો, આક્રમણીય વિચારણા કરવામાં આવે, ધમકી આપવામાં આવી હોય અને વારંવાર હેતુપૂર્વક લક્ષ્ય બનાવવામાં આવેલ હોય અથવા ગંભીર ગુનાના ભોગ બનેલ હોય, તો તમે વધારે અધિકારો માટે હકદાર બની શકો. આમાં સમાવેશ થાય વિશેષજ્ઞ સપોર્ટ સર્વિસ માટે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, મહત્વના નિર્ણય પછી જલદીથી અધતન માહિતી આપવામાં આવેલ હોય અને કોર્ટમાં પુરાવો આપવા વધારાનો સપોર્ટ મળતો હોય.

## હું વધારે માહિતી કેવી રીતે મેળવી શકું?

ધ વિક્ટિમ એન્ડ વિટનેસ ઈન્ફર્મેશન વેબસાઈટ તમારા અધિકારોનો ખુલાસો કરે છે અને ફોજદારી ન્યાય પ્રક્રિયાના દરેક તબક્કે શું અપેક્ષા રાખવી – ગુનાનો રિપોર્ટ કરવો, પોલીસની તપાસ, કોર્ટમાં જવું અને અદાલતી કાર્યવાહી પછી. તમારા સ્થાનિક વિસ્તારમાં અને ઓનલાઈનમાં કેવી રીતે સપોર્ટ મેળવવો તે પણ તમે જાણી શકશો.

તમારા હકો- અધિકારોને સમજો
**victimscode.org.uk પર**